ક્રમાંક/પીટીસી/પ્રવેશ/જ/૨૦૧૯/૧૬૫૫-૧૭૨૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૧૨/૧,
ગાંધીનગર. તા.૦૬/૦૭/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી / સંચાલકશ્રી,
સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં સંસ્થા તમામ,

વિષયઃ- પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ વર્ષ ૨૦૧૯-૨૦ મેનેજમેન્ટ કવોટાની બેઠકો ઉપર પ્રવેશ અંગે.
સંદર્ભઃ-૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક/ટીસીએમ/૧૪૦૪/૧૧૦૪/ન, તા.૧૧/૫/૨૦૦૫
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક/પરચ/૧૪૧૨/૭૩૪/ન, તા.૫/૭/૨૦૧૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ડી.એલ.એડ (પીટીસી) પ્રવેશ વર્ષ ૨૦૧૯માં તાલીમાર્થીઓની મેનેજમેન્ટ ક્વોટામાં સંદર્ભ-૨ સામે જણાવેલ શિક્ષણ વિભાગના તા.૫/૭/૨૦૧૨ના ઠરાવ મુજબ ૧૫ ટકા જગ્યાઓ મેનેજમેન્ટ કવોટાથી ભરવાની રહેશે.

સંસ્થાએ મેનેજમેન્ટ કવોટાના પ્રવેશની કાર્યવાહી તા.૨૯/૦૭/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવી. આ સંબંધે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ ૨૦૧૯ની પ્રથમ જાહેરાતમાં સૂચનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.આ જાહેરાતમાં તથા વેબસાઇટમાં સ્પષ્ટ કર્યા પ્રમાણે નીચેની વધારાની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે. જેનો આપ સર્વેએ અમલ કરવાનો રહેશ.

(૧) તા.૨૪/૦૭/૨૦૧૯ પહેલા બહોળી પ્રસિધ્ધી ધરાવતા દૈનિક અખબારમાં જાહેરાત આપવાની રહેશે.
(૨) તા.૨૫/૦૭/૨૦૧૯અનેતા.૨૬/૦૭/૨૦૧૯ના રોજ સાંજના૨૩-૫૯ કલાક સુધી આવેલ ફોર્મની ડેટા એન્ટ્રી કરવાની રહેશે.
(૩) સંસ્થાએ મેનેજમેન્ટ કવોટાની સીટોના ફોર્મની ડેટા એન્ટ્રી કરવા માટે સંસ્થાનો યુઝર આઇડી અને પાસવર્ડ ptc(college code)_01 એટલે કે (ptc001_01) મુજબ આપની સંસ્થાનો યુઝર આઇડી અને પાસવર્ડ રહેશે. અને લોગીન થવાનું રહેશે. અને પહેલી વાર લોગીન થાય ત્યારે પાસવર્ડ બદલી નાખવાનો રહેશે.
(૪) આપનો યુઝર આઇડી પાસવર્ડનો ઉપયોગ કરી સંસ્થામાં રજુ થયેલ ફોર્મની ડેટા એન્ટ્રી કરવાની રહેશે અને સબમીટ કરવાનુ રહેશે.
(૫) રૂબરૂ ચકાસણી સમયે જરૂરી પ્રમાણપત્રો વગેરે મેરીટના ક્રમમાં રજુ કરવાના રહેશે.
(૬) સ્વનિર્ભર સંસ્થાઓએ મેનેજમેન્ટ કવોટાની ૧૫ ટકા બેઠકો જ ભરવાની રહેશે. (૫૦ ની ઇન્ટેકમાં ૭.૫ એટલે કે ૮ બેઠકો ભરવાની રહેશે.)
(૭) કેન્દ્રીય પ્રવેશ સમિત ધ્વારા પ્રવેશ અંગેની ફાળવણી પૂર્ણ થયા પછી ખાલી રહેતી જગાઓ મેનેજમેન્ટ ધ્વારા ભરી શકાશે નહિ.
(૮) રાજય સરકારે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ માટે નિયત કરેલ લાયકાતના ધોરણો મુજબ પ્રવેશ આપવાનો રહેશે. (વેબસાઇટ પરથી પ્રવેશના નિયમો જોઇ લેવા )
(૯) જે સંસ્થાઓએ જેટલા વર્ગો માટે પ્રોસેસીંગ ફી ભરેલ હશે તેટલા જ વર્ગોની ૧૫ ટકા મુજબની મેનેજમેન્ટ કવોટાની બેઠકો ભરી શકશે.
(૧૦) સ્વનિર્ભર સંસ્થાઓએ બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક અખબારમાં જાહેરાત આપવાની રહેશે અને નીચેની કાળજી લેવાની રહેશે.

(૧) જાહેરાતમાં પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં સંસ્થાનું નામ-સ્થળ-સરનામું અવશ્ય લખવું.

(૨) અરજીઓ ટપલથી મેળવવાની રહેશે.અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનો પણ જાહેરાતમાં ઉલ્લેખ કરવાનો રહેશે.

(૩) જાહેરાત પોસ્ટબોક્ષ નંબરથી આપી શકાશે નહી.

(૧૧) જાહેરાત અન્વયે મળેલ અરજીઓ અંગે નીચેની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) અરજીઓ સંસ્થાના આવક રજીસ્ટરમાં નોધવી અને અરજી પર આવક નંબર અને તારીખ નોંધી આચાર્યશ્રીએ સહી કરવી.

(૨) ધોરણ-૧૨માં મેળવેલ કુલ ગુણ ( પ્રાયોગિક સહિત) ના આધારે ટકાવારી કાઢી અરજીઓ ઉતરતા ક્રમમાં ગોઠવવી.

(૩) ૧૧.૨ પ્રમાણેની અરજીઓના આધારે સાથેના પરિશિષ્ટ-૧ પ્રમાણે મેરીટ યાદી તૈયાર કરવી.

(૪) આવેલ તમામ અરજીઓનો સમાવેશ મેરીટ યાદીમાં કરવો.

(૫) આવેલ અરજીઓનો સસંસ્થાઓએ તેમને આપેલ યુઝર - પાસ વર્ડ ધ્વારા નિયત સમયમાં ડેટા એન્ટ્રી કરવી.

(૬) સંસ્થાનો બહેનો/ભાઇઓ/મિશ્ર પ્રકાર ધ્યાને લઇ પ્રવેશ આપવાનો થાય છે. એટલે તે પ્રમાણે પ્રવેશ યાદી તૈયાર કરવી.

(૭) ભાઇઓ બહેનોના પ્રકાર મુજબ મળેલ અરજીઓ પૈકી મંજુર થયેલ ઇન્ટેકના ૧૫ ટકાની મર્યાદામાં પ્રવેશ માટેની મેરીટ યાદી તૈયાર કરી રજુ કરવાની રહેશે.

(૮) અનામત/વિકલાંગ, વિધવા જેવી ખાસ કેટેગરીમાંથી પ્રવેશ આપવાનો થાય તો તે અંગેના પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ અંગેના નિયમોને અનુસરવાનું રહેશે.

(૧૨) ઉપર જણાવેલ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નીચેની વિગતો સાથે ફાઇલ તૈયાર કરવી.

(૧) પરિશિષ્ટ-૩ પ્રમાણેનું ચેકલીસ્ટ અને તેના આધારો.

(૨) પરિશિષ્ટ-૧ ના નમૂનામાં કોમ્પ્યુટર ટાઇપ કરાવેલ મેરીટ યાદી

(૩) પરિશિષ્ટ-૨ ના નમૂનામાં કોમ્પ્યુટર ટાઇપ કરાવેલ પ્રવેશ યાદી.

(૧૩) મેરીટ પ્રમાણે અપાયેલ પ્રવેશ (પરિશિષ્ટ-૨ પ્રમાણે) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી પાસે નીચેની વિગતે ઉપર જણાવેલ તમામ અસલ આધારોની ફાઇલ સાથે પ્રમાણિત કરાવવાની રહેશે.

(૧૪) ઉમેદવારની શૈક્ષણિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રોનો પ્રમાણિત કરેલ ઝેરોક્ષ સેટ સાથે વ્યવસ્થિત રીતે ફાઇલમાં તૈયાર કરી લાવવાના રહેશે.

(૧૫) વર્તમાનપત્રમાં આપવામાં આવેલ જાહેરાતનું આખું પાનું અસલ ફાઇલ સાથે રાખવાનૂં રહેશે.

(૧૬) પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશના નિયમો અને આ સિહત સૂચનાઓ વિરૂધ્ધ આપવામાં આવેલ પ્રવેશ નિયામકશ્રી દ્રારા માન્ય રાખવામાં આવશે નહિ. પરિણામે ઉભા થતા તમામ વહીવટી પ્રશ્નો અને લીટીગેશન કેસોની જવાબદારી આપની રહેશે.

મેનેજમેન્ટ કવોટાની ભરેલ બેઠકોના પ્રવેશની ચકાસણી/પ્રતિ હસ્તાક્ષરના કાર્યક્રમ અંગેની જાણ આ કચેરીની વેબસાઇટ www.ptcgujarat.org પર હવે પછી જાહેર કરવામાં આવશે. અન્ય વિગતોથી વાકેફ રહેવા માટે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશની વેબસાઇટ રોજે રોજ જોતા રહેવા જણાવવામાં આવે છે.

બિડાણઃ- પરિશિષ્ટ-૧-૨-૩

નિયામક

નાયબ શિક્ષણ નિયામક,

ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના જાણ સારુઃ-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ

- **પરિશિષ્ટ-૧**

**આવેલ અરજીઓની ધો.૧૨ના ટકા મુજબ મેરીટ યાદી**

**સંસ્થાનું નામઃ-** **કોડ નંબરઃ-** **મંજુર થયેલ ઇન્ટેકઃ-**

| અ.ન. | ઉમેદવારનું નામ | પુરૂષ/સ્ત્રી | જન્મ તારીખ | ધો.૧૨ પાસ કર્યાનો માસ/વર્ષ | ધો.૧૨ પાસ કર્યાનો પ્રવાહ | ધો.૧૨નો સીટ નંબર | ધો.૧૨માં કુલ ગુણમાંથી મેળવેલ ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

| ધો.૧૦ પાસ કર્યાનું માસ અને વર્ષ | પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કેન્દ્રીય પ્રવેશ સમિતિમાં અરજી કરેલ હોય તો તેની વિગત | | | કેન્દ્રીય પ્રવેશ સમિતમાં અરજી કરેલ હોય તેનો મેરીટ નંબર ( આ કોલમની વિગતો આ કચેરી દ્વારા ભરવામાં આવશે. | પ્રવેશ મંજુર/ નામંજુર |
|---|---|---|---|---|---|
| | ફોર્મ નંબર | ફોર્મ જમા કરાવેલ હોય તે સંસ્થાનો કોડ નંબર | નોંધણી નંબર | | |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |

**સ્થળઃ-** **આચાર્ય/ સંચાલકની સહી**

**તારીખઃ-** **સિકકો**

**પરિશિષ્ટ-૨**

**મળેલ અરજીઓ અન્વયે મેરીટ મુજબ પ્રવેશપાત્ર થનાર ઉમેદવારોની પ્રવેશ યાદી**

**સંસ્થાનું નામ** **કોડ નંબર** **મંજુર થયેલ ઇન્ટેક**

| અ.ન. | ઉમેદવારનું નામ | પુરૂષ/સ્ત્રી | જન્મ તારીખ | ધો.૧૨ પાસ કર્યાનો માસ/વર્ષ | ધો.૧૨ પાસ કર્યાનો પ્રવાહ | ધો.૧૨નો સીટ નંબર | ધો.૧૨માં કુલ ગુણમાંથી મેળવેલ ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

| ધો.૧૦ પાસ કર્યાનું માસ અને વર્ષ | પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કેન્દ્રીય પ્રવેશ સમિતિમાં અરજી કરેલ હોય તો તેની વિગત | | | કેન્દ્રીય પ્રવેશ સમિતમાં અરજી કરેલ હોય તેનો મેરીટ નંબર (આ કોલમની વિગતો આ કચેરી દ્વારા ભરવામાં આવશે. | પ્રવેશ મંજુર/ નામંજુર |
|---|---|---|---|---|---|
| | ફોર્મ નંબર | ફોર્મ જમા કરાવેલ હોય તે સંસ્થાનો કોડ નંબર | નોંધણી નંબર | | |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |

સ્થળઃ- આચાર્ય/સંચાલકની

તારીખઃ- સહી/ સિકકો

પરિશિષ્ટ-૩

(ક) મેનેજમેન્ટ કવોટા પ્રતિ હસ્તાક્ષરની ફાઇલ

આ ફાઇલમાં નીચે પ્રમાણે વિગતો ફાઇલ કરવી ( ચઢતાક્રમમાં)

| ક્રમ | વિગત | નકલ |
|---|---|---|
| ૧ | તા.૦૬/૦૭/૨૦૧૯ ના પરિપત્રમાં જણાવેલ પરિશિષ્ટ-૧ અને ૨ માં દર્શાવેલ કોલમ ૧ થી ૧૪ | ૦૨ |
| ૨ | ક્રમ (૧) પ્રમાણેના પત્રકના કોલમ (૨) માં દર્શાવેલ ઉમેદવારોના નીચેના આધારો<br>૨.૧ સ્કુલ લીવીંગ સર્ટી નકલ<br>૨.૨ ધો.૧૦ ગુણ પત્રક નકલ<br>૨.૩ ધો.૧૨ ગુણ પત્રક નકલ<br>૨.૪ જાતિ અંગેનું પ્રમાણપત્ર<br>૨.૫ બક્ષીપંચના ઉમેદવારોનું તા.૧/૪/૧૯પછીનું ક્રિમિલીયર સર્ટી<br>૨.૬ વિધવા અને વિકલાંગ કિસ્સામાં જરૂરી આધારો | ૦૧ |
| ૩ | જાહેરાત અન્વયે આવેલ અરજીઓની મેરીટ યાદી મેરીટના ઉતરતા ક્રમમાં | ૦૨ |
| ૪ | ક્રમ (૩) મુજબની યાદીમાંથી પ્રવેશ આપવામાં આવેલ ઉમેદવારોની મેરીટ પ્રમાણેની પ્રવેશ યાદી. | ૦૨ |
| ૫ | જાહેરાતનું આખુ પાનું | ૦૧ |
| ૬ | મેનેજમેન્ટ કવોટામાં ઓનલાઇન મળેલ અરજીઓની વેબસાઇટ પરથી ડાઉન કરેલ સંસ્થાને મળેલ અરજીઓની નકલ | ૦૨ |